www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટારીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧૩ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૮, શુક્રવાર; આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઓરિસ્સા-આંધ્રપ્રદેશમાં 'તિતલી'થી તબાહી

**તિતલી તોફાની હજારો નાગરિકો મુશ્કેલીમાં : ભારે વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પુર : બંને રાજ્યોમાં એલર્ટની જાહેરાત : હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા તીવ્ર પવન અને વરસાદ વચ્ચે મોટી સંખ્યામાં વૃક્ષ ધરાશાયી : જનજીવન ઠપ**





નવી દિલ્હી,તા. ૧૧

ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં ભારે તબાહી મચાવી રહેલા ચક્રવાતી તોફાન તિતલીના પરિણામ સ્વરુપે ૧૦ લોકોના મોત થઇ ગયા છે અને હજારો લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયું છે. હાલમાં આ ચક્રવાતી તોફાન હળવું પડે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. નિચાણવાળા વિસ્તારોમાં હજુ પણ તોફાનના કારણે ભારે વરસાદ થવાના કારણે પુર જેવી સ્થિતિ ઉભી થઇ શકે છે. કેન્દ્રીયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે, ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઘણી જગ્યાઓએ જનજીવન ખોરવાઈ ગયું છે. સરકાર અને વહીવટીતંત્ર સંપૂર્ણપણે એલર્ટ ઉપર છે. કટોકટીના સમયમાં તમામ લોકો આગળ આવે તે ખુબ જરૂરી છે. હોનારતનો સામનો કરવા માટે તમામ તૈયારીઓ રાખવામાં આવી છે. આ પહેલા મુખ્યમંત્રી નવી પટનાયકે સ્પેશિયલ રિલીફ કમિશનરની ઓફિસમાં જઇને પ્રચંડ તોફાનનો સામનો કરવા માટે કયા પ્રકારની તૈયારી કરાઈ છે તેની સમીક્ષા કરી હતી. ચક્રવાતી તોફાન તિતલીના પરિણામ સ્વરુપે બંને રાજ્યોમાં હાલત કફોડી બની છે.

● અનુસંધાન પાન-૭ પર

### ન્યુઝ ટ્રેક

**સ્વામી આનંદનું અવસાન**

ગંગાની અવિરલતા અને નિર્મળતા માટે વિશેષ એક્ટ પાસ કરવાની માંગ કરી આમરણ ઉપવાસ પર ઉતરનાર જ્ઞાન સ્વરૂપ આનંદનું અવસાન થયું છે. તેઓ ૨૨ જૂનથી ઉપવાસ કરી રહ્યા હતા.

**નીતિશકુમાર પર ચંપલ ફેંકાઈ**

બિહારના પટણામાં એક સભામાં મુખ્યમંત્રી નીતિશકુમાર પર એક યુવકે ચંપલ ફેંક્યુ હતુ. ત્યારબાદ આ યુવકે આરક્ષણની માંગ કરી નારેબાજી કરી હતી.

**હવાઈ ઇંધણ પેટ્રોલ-ડીઝલ કરતાં સસ્તુ**

વિમાન ઈંધણની કિંમતોમાં ગુરૂવારે ૨.૬ ટકાનો કાપ મુકાયો છે. કેન્દ્ર સરકારે એવિએશન ટબાઈન ફ્યુલના ઉત્પાદન શુલ્કમાં કાપનો નિર્ણય લેવાયો છે. એટીએફ હવે પેટ્રોલ-ડીઝલથી સસ્તુ થયુ છે. એટીએફ હવે ૭૨.૬ રૂ. પ્રતિ લીટર મળી રહ્યું છે.

**બાઘ એક્સપ્રેસ ટ્રેક પરથી ઉતરી**

કાઠગોદામથી હાવડા જઈ રહેલી બાઘ એક્સપ્રેસ ગોરખપુરના ડોમિનગઢ સ્ટેશન પર ટ્રેક પરથી ઉતરી ગઈ હતી. તેના કારણે ડોનિગનથી જગતબેલાની બીચ ડાઉન લાઈન પ્રભાવિત થઈ છે.

**સંત રામપાલ હત્યા ષડયંત્ર મામલે દોષી**

સતલોક આશ્રમ પ્રકરણ સાથે જોડાયેલ હત્યા અને ષડયંત્ર મામલે સંત રામપાલ સહિત ૩૦ આરોપીઓને દોષી જાહેર કરાયા છે. સજા પર ફેંસલો હજુ આવ્યો નથી.

## સેંસેક્સ વધુ ૭૬૦ પોઈન્ટ ઘટ્યો

**સાત કારોબારી સેશનમાં જ ૩૦૮૪ પોઇન્ટનો રેકોર્ડ કડાકો : કારોબારની શરૂઆત થતાંની સાથે જ મિનિટોના ગાળામાં જ સેંસેક્સ ૧૦૦૦ પોઇન્ટથી પણ વધુ ઘટી જતાં કારોબારી હચમચ્યા**

મુંબઇ,તા. ૧૧

શેરબજાર આજે કત્લેઆમની સ્થિતી સર્જાઇ હતી. કારોબારની શરૂઆત થયા બાદ શેરબજારમાં હાહાકારની સ્થિતી રહી હતી. આ સ્થિતી છેલ્લે સુધી અકબંધ રહી હતી. કારોબારની શરૂઆત થયા બાદ મિનિટોના ગાળામાં જ સેંસેક્સ એક વખતે ૧૦૦૧ પોઈન્ટ ઘટીને ૩૩૭૬૦ની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. જો કે કારોબારના અંત સુધી તેમાં આંશિક રિકવરી થઇ હતી. અંતે સેંસેક્સ ૭૬૦ પોઈન્ટ ઘટીને ૩૪૦૦૧ની નીચી સપાટી પર રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન તેમાં ૧૦૩૭ પોઈન્ટનો એક વખતે ઘટાડો થઇ જતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. બીી બાજુ નિફ્ટી ૨૨૫ પોઈન્ટ ઘટીને ૧૦૨૩૫ની નીચી સપાટી પર રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઘટાડો થયો હતો. ઈન્ફોસીસ અને ટીસીએસના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો હતો. આજે સ્થિતી એટલી ખરાબ રહી હતી કે સેંસેક્સના ૩૧ શેર પૈકીના ૨૮ શેરમાં કડાકો બોલી ગયો હતો. જ્યારે નિફ્ટીના ૫૦ શેયર પૈકી ૪૧ શેરમાં કારોબાર નબળો રહ્યો હતો. આજે કેટલાક શેરમાં સૌથી વધારે નુકસાન થયુ હતુ. જેમાં એસબીઆઈમાં ૫.૭૪ ટકા, તાતા સ્ટીલમાં ૪.૬૦ ટકા, વેદાંતામાં ૪.૪૫ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ૪.૪૪ ટકા, ઈન્ફોસીસમાં ૩.૬૧ ટકા, તેમજ અદાણી પોર્ટસના શેરમાં ૩.૩૧ ટકાનો ઘટાડો થયો હતો.

## કાર્તિ ચિદમ્બરમની ૫૪ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

**ઇડી દ્વારા ચિદમ્બરમના પુત્ર સામે કાર્યવાહી : કાર્તિ ચિદમ્બરમની ભારત અને વિદેશમાં ૫૪ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ : બેન્ક એકાઉન્ટ પણ જપ્ત કરી દેવાયા**

નવીદિલ્હી, તા. ૧૧

આઈએનએક્સ મિડિયા કેસમાં ઈડી દ્વારા પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ સામે આક્રમક કાર્યવાહી કરી છે. ઈડીએ કાર્તિ ચિદમ્બરમની ભારત અને વિદેશમાં રહેલી ૫૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લીધી છે. આમા તેમના બેંક ખાતાઓ પણ સામેલ છે. હાલમાં જ એરસેલ-મેક્સિસ કેસમાં પી ચિદમ્બરમ અને કાર્તિ ચિદમ્બરમને રાહત મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૮મી ઓક્ટોબરના દિવસે દિલ્હીની એક કોર્ટે સીબીઆઈ અને ઈડી તરફથી દાખલ કરવામાં આવેલી એરસેલ-મેક્સિસ મામલામાં અરજીને લઈને મહત્વપૂર્ણ આદેશ આપ્યો હતો. આની સાથે જ પહેલી નવેમ્બર સુધી પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તી ચિદમ્બરમને રાહત પણ આપી દેવામાં આવી હતી.

## ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આજથી બીજી ટેસ્ટ મેચ

**ટીમ ઇન્ડિયામાં કોઇ ફેરફાર નહીં થાય તેવી વકી : કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ વિજયના સિલસિલાને જાળવી રાખવા સજ્જ**

હૈદરાબાદ,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આવતીકાલથી હૈદરાબાદ ખાતે બીજી ટેસ્ટ મેચ શરૂ થઇ રહી છે. ભારત બીજી ટેસ્ટ પણ જીતીને શ્રેણી ૨-૦થી જીતી લેવા માટે સજ્જ છે. બીજી બાજુ વેસ્ટ ઈન્ડિઝના નેતૃત્વમાં વિન્ડીઝની ટીમ તેની છાપને સુધારી દેવાના હેતુથી મેદાનમાં ઉતરશે. પ્રથમ ટેસ્ટ મેચમાં કંગાળ રમત રમ્યા બાદ ટીમની વ્યાપક ટિકા થઈ રહી છે. આવી સ્થિતીમાં વિન્ડીઝની સામે કેટલાક પડકારો રહેલા છે. બીજી બાજુ પોતાની કેરિયરની પ્રથમ ટેસ્ટ મેચમાં જ સદી કરી ચુકેલા પૃથ્વી શો પર તમામની નજર રહેશે. તેમાં ક્રિકેટ પ્રેમીઓ ભાવિ સચિન તેન્ડલકર અને વિરેન્દ્ર સહેવાગ જોઇ રહ્યા છે. વિરાટ કોહલી અને ચેતેશ્વર પુજારા પણ શાનદાર ફોર્મમાં છે.રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ ઓસોસિએશન મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝને કચડી નાખીને સૌથી મોટી જીત હાંસલ કરી હતી.ભારતે વિન્ડિઝને એક ઈનિંગ્સ અને ૧૭૨ રને હાર આપી હતી. ભારતને પ્રથમ દાવમાં નવ વિકેટે ૬૪૯ રન દાવ ડિકલેરના જવાબમાં વિન્ડિઝની ટીમ તેના પ્રથમ દાવમાં ૪૮ ઓવરમાં માત્ર ૧૮૧ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના લીધે વિન્ડિઝને ફોલોઓન થવાની ફરજ પડી હતી. ફોલોઓન થયા બાદ પણ વિન્ડિઝના બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા અને એક પછી એક વિકેટો ગુમાવી હતી. વિન્ડિઝની ટીમ બીજી ઈનિંગ્સમાં ૫૦.૫ ઓવરમાં ૧૯૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ભારતે સૌથી મોટી જીત મેળવી હતી.

ભારતની ટેસ્ટ મેચમાં ઈનિંગ્સ અને રનના મામલામાં આ સૌથી મોટી જીત હતી. આ પહેલા આ વર્ષે જૂન મહિનામાં ભારતે અફગાનિસ્તાનને બેંગલોરમાં એક ઈનિંગ્સ અને ૨૬૨ રને હાર આપી હતી. ભારત તરફથી બીજી ઈનિંગ્સમાં કુલદીપે જોરદાર બોલીંગ કરીને ભારતને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

## પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો

નવી દિલ્હી,તા. ૧૧

દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ભાવ વધારાનો દોર જારી રહ્યો છે. આજે ફરી વધારો કરાયો હતો. દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં ૧૦ પૈસાનો વધારો કરાયો હતો. જ્યારે ડીઝલની કિંમતમાં ૨૭ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં નવ પૈસાનો વધારો કરાયો હતો. મોદી સરકારથી મધ્યમ વર્ગ નાખુશ દેખાઈ રહ્યા છે. અર્થશાસ્ત્રીઓ અને ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓ પણ માની રહ્યા છે કે, આ વધતા જતા ભાવના કારણે મોદી સરકારને લોકસભાની ચૂંટણીમાં મોટી કિંમત ચુકવવી પડી શકે છે. કારણ કે મોટા ભાગની જીવન જરૂરી ચીજોની કિંમતમાં હાલમાં વધારો થયો છે. આનાકારણે તમામ લોકોના બજેટ બગડી ગયા છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં અવિરત વધારો જારી રહેત સરકાર પણ ચિંતાતુર છે.

## હિઝબુલ કમાન્ડર મન્નાન વાની ઠાર

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ કાશ્મીરના કુપવારામાં હેન્ડવારામાં સુરક્ષા દળોને એક મોટી સફળતા હાથ લાગી છે. આના ભાગરુપે હિઝબુલ મુઝાહિદીનના ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અને રિસર્ચ સ્કોલર મન્નાન વાનીનો પણ સમાવેશ થાય છે. મન્નાન હિઝબુલ મુઝાહિદ્દીનનો સ્થાનિક કમાન્ડર તરીકે હતો. ભૂગર્ભ શાસ્ત્રમાં રિસર્ચ સ્કોલર મન્નાન બશીરવાનીની કામગીરીને હાથમાં લીધી હતી. તે અભ્યાસ છોડીને હિઝબુલ મુઝાહિદીનમાં જોડાઈ ગયો હતો. તેને કુપવારામાં કમાન્ડર તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. બીજી બાજુ ફેસબુક ઉપર રાયફલની સાથે મન્નાનનો એક ફોટો વાયરલ થતાં તેને યુનિવર્સિટીમાંથી કાઢી મુકાયો હતો. એમ કહેવામાં આે છે કે તે પાંચમી જાન્યુઆરીના દિવસે જ હિઝબુલમાં સામેલ થઇ ગયો હતો. મન્નાન છેલ્લા પાંચ વર્ષથી અલીગઢ

● અનુસંધાન પાન-૭ પર

## વિજય માલ્યાની બેંગલુરુની સંપત્તી જપ્ત કરાશે : દિલ્હી પટિલાયા કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૧

દિલ્હીની પટિયાલા કોર્ટે આદેશ આપ્યો છે કે ભાગેડુ ઉધોગપતિ વિજય માલ્યાની બેંગલૂરુમાં સ્થિત સંપત્તી જપ્ત કરવામાં આવેશે. કોર્ટે આદેશ FERAના કાનૂનના ઉલ્લંઘનના એક મામલામાં આપ્યો છે.

ભારતમાં પાછા આવવાની રાહ જોઈ રહેલા વિજય માલ્યા માટે એક આંચકો માનવામાં આવી રહ્યો છે.

સાંઈબાબા જ્યોતિષ
ભારતનાં પ્રસિધ્ધ જ્યોતિષ-દહેગામ
ગૃહક્લેશ, પતી-પત્નીના અણબનાવ
દુશ્મન-સૌતનથી છૂટકારો, મૂઠચોટ
વશીકરણ, પ્રેમવિવાહ, છૂટાછેડા
લવ પ્રોબ્લેમ, ધંધા-નોકરીમાં લાભ
કોઈપણ જ્યોતિષ, તાંત્રિક, મૌલવીથી કામ ના થયું હોય તો રૂબરૂ મળો
એડ્રેસ-પૂર્ણીમા હાઈસ્કુલની પાસે, રુત્વા કોમ્પ્યુટરની સામે, દહેગામ
9537416710
7623875787

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## શ્રદ્ધાંજલી સભા



જય માતાજી...

**પ.પૂ. બાશ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત (માન. શ્રી બળવંતસિંહજી રાજપૂત, સિદ્ધપુર, ચેરમેન જી.આઈ.ડી.સી.ના માતૃશ્રી) દેવલોક પામ્યા છે. ગુજરાતની રાજપૂત સમાજની વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા તેઓના આત્માની શાંતિ માટે એક શ્રદ્ધાંજલિ સભાનું આયોજન તા. ૧૩/૧૦/૨૦૧૮ના રોજ બપોરે ૩-૦૦ થી ૫-૩૦ કલાકે બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, સિવિલ હોસ્પિટલ પાછળ, ગાંધીનગર ખાતે આયોજીત કરેલ છે. તો સર્વે સંસ્થાઓના પરિવારજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.**

: પ્રમુખ સ્થાને :
પ.પૂ. સંતશ્રી આનંદમૂર્તિ (શંકરતિર્થ આશ્રમ, સાણંદ) બિરાજશે.

લી.
શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર,
તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ
શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર
શ્રી રાજપૂત વિદ્યા સભા, ગોતા, અમદાવાદ
ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ, ગાંધીનગર
ઉત્તર ગુજરાત રાજપૂત સમાજ, વિસનગર
શ્રી રાજપૂત મિલકત ટ્રસ્ટ, અંબાજી
શ્રી રાજપૂત કેળવણી સહાયક મંડળ, પાલનપુર
તથા ગુજરાતની રાજપૂત સામાજિક સંસ્થાઓ.

EXCELLENCE THROUGH ENDEAVOURS
MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution
માસ નવરાત્રી ઓફરોની રમઝટ
પ્રિ-ઓન કાર લોન
USED કોમર્શિયલ વ્હીકલ લોન
પર્સનલ લોન ૫ લાખ સુધી માત્ર 3 દિવસમાં
મશીનરી લોન
પ્રોપર્ટી સામે લોન (LAP)
બિઝનસ લોન
ટુ-વ્હીલર લોન માત્ર ૯.૯૯% ના વ્યાજદરે
*શરતો લાગુ
આકર્ષક વ્યાજદર | ઝડપી પ્રોસેસિંગ | આસાન શરતો માસના જૂના ગ્રાહકો માટે સ્પેશિયલ ઓફર | "જે સમજે આપના અમૂલ્ય સ્વપનાઓ નું મુલ્ય" | વધુ માહીતી માટે મિસ્ડ કોલ કરો 079-3982 7711